# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- 8 | ગણિત | ડિસેમ્બર, 2020

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

**(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)**

અ.નિ. બૈજીક પદાવલિઓના સરવાળા બાદબાકી કરે છે.

**પ્રશ્ન-1 માગ્યા મુજબ ગણો.**

1. ab − bc માં bc − ca ઉમેરો. (2)
2. $3x^2 - 2x + 5xy - 7$ માંથી $8 - 9xy + 3x^2 - 5x$ બાદ કરો. (3)

અ.નિ . નિત્યસમનો ઉપયોગ કરી પદાવલિઓના ગુણાકાર કરે છે.

**પ્રશ્ન- 2 યોગ્ય નિત્યસમનો ઉપયોગ કરી નીચેના ગુણાકાર કરો.**

1. ( x + 7 ) ( x + 7 ) (2)
2. ( 3x + 1 ) ( 3x − 8 ) (3)

અ.નિ. બહુકોણના ક્ષેત્રફળની ગણતરી કરે છે.

**પ્રશ્ન- 3 નીચેના દાખલા ગણો.**

1. એક સમબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ 120 સેમી$^2$ છે અને તેમાં એક વિકર્ણની લંબાઈ 8 સેમી છે તો બીજા વિકર્ણની લંબાઈ શોધો. (2)
2. એક ચતુષ્કોણ આકારના ખેતરના વિકર્ણની લંબાઈ 24 મીટર છે અને બાકીના બે શિરોબિંદુમાંથી આ વિકર્ણ પર દોરેલા લંબ 8 મીટર અને 13 મીટર છે તો ખેતરનું ક્ષેત્રફળ શોધો. (3)

અ.નિ. વિવધ ઘનાકારો માટે યુલરના સૂત્રની ચકાસણી કરે છે. તેમજ યુલરના સૂત્રની મદદથી ઘનાકારો માટે ધાર, ફલક,અને શિરોબિંદુની સંખ્યા શોધે છે.

**પ્રશ્ન- 4 ચોરસ પાયાવાળા પિરામિડના શિરોબિંદુ(V) , ધાર ( E ) અને ફલક ( F) ની સંખ્યા શોધો અને તે આધારે યુલરનું સૂત્ર ચકાસો.** (5)

અ.નિ. ઘન, લંબઘન અને નળાકાર વસ્તુઓનું પૃષ્ઠફળ અને ઘનફળ શોધે છે .

**પ્રશ્ન-5 નીચેના માગ્યા મુજબ જવાબ આપો**

1. એક સમઘનની લંબાઈ 2 સેમી છે તો તે સમઘનનું પૃષ્ઠફળ કેટલું થાય? (1)
2. એક લંબઘનની લંબાઈ 6 સેમી, પહોળાઈ 3 સેમી અને ઉંચાઈ 1 સેમી છે તો તે લંબઘનનું ઘનફળ શોધો. (2)
3. એક નળાકારની ત્રિજ્યા 14 સેમી છે અને ઉંચાઈ 5 સેમી છે તો આ નળાકારનું ઘનફળ કેટલું થાય? ( $\pi = \frac{22}{7}$ ) (2)

# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણઃ 8** **ગણિત** **જુલાઈ, 2020**

**સમયઃ 1 કલાક** **કુલ ગુણઃ 25**

* અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- **Learning Outcome)**

| | | |
|---|---|---|
| અ.નિ. | એકબાજુ સુરેખ પદાવલી અને બીજી બાજુ સંખ્યા હોય તેવા સમીકરણનો ઉકેલ મેળવે છે. | |
| **પ્રશ્ન-1** | **નીચેના પ્રશ્નો માટે જવાબ આપો.** | |
| 1. | $x+3=5$ તો $x$ ની કિંમત કેટલી થાય?<br>(A) 2 (B) 8 (C) $-2$ (D) $-8$ | (1) |
| 2. | $-\frac{8}{5}+x=\frac{2}{5}$ તો $x$ શોધો. | (2) |
| 3. | $1.2=\frac{y}{10}$ તો y શોધો. | (2) |
| અ.નિ. | સમીકરણનું સરળ સ્વરૂપમાં રૂપાંતરણ કરી ઉકેલ મેળવે છે. | |
| **પ્રશ્ન- 2** | **નીચેના સમીકરણ માટે $x$ ની કિંમત શોધો.** | |
| 1. | $3x-5=3+x$ | (2) |
| 2. | $\frac{x}{3}+\frac{5}{9}=\frac{2x}{3}$ | (3) |
| અ.નિ. | પેટર્ન / ઉદાહરણ દ્વારા સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને ગુણધર્મોનો ઉપયોગ કરી સાદું રૂપ આપે છે. | |
| **પ્રશ્ન- 3** | **નીચેના પ્રશ્નો માટે યોગ્ય જવાબ આપો.** | |
| 1. | a અને b પૂર્ણાંક સંખ્યા હોય તો , $a+b=b+a$ એ કયો ગુણધર્મ દર્શાવે છે ? | (1) |
| 2. | $\frac{8}{5}\times$ ____ $=1$ | (1) |
| 3. | સંમેય સંખ્યા માટે, બાદબાકીની ક્રિયામાં જૂથના ગુણધર્મનું પાલન થતું નથી તે ઉદાહરણ આપી સમજાવો. | (3) |
| અ.નિ. | આપેલ સંખ્યાઓની વચ્ચે આવેલ શક્ય એટલી સંમેય સંખ્યાઓ શોધે છે. | |
| **પ્રશ્ન- 4** | **નીચેના પ્રશ્નો માટે યોગ્ય જવાબ આપો.** | |
| 1. | $\frac{8}{5}$ અને $\frac{7}{3}$ વચ્ચેની ત્રણ સંમેય સંખ્યા લખો. | (3) |
| 2. | $-\frac{2}{3}$ અને $-\frac{1}{3}$ વચ્ચેની બે સંમેય સંખ્યા લખો. | (2) |
| અ.નિ. | એકચલ સુરેખ સમીકરણ સબંધી વ્યવહારૂ કોયડા ઉકેલે છે. | |
| **પ્રશ્ન-5** | **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.** | |
| 1. | રમેશ અને મહેશની હાલની ઉંમરનો ગુણોત્તર 5:7 છે. 4 વર્ષ પછી તેમની ઉંમરનો ગુણોત્તર 3:4 હશે તો તેમની હાલની ઉંમર શોધો. | (3) |
| 2. | 9 ના ત્રણ ક્રમિક ગુણિતોનો સરવાળો 81 હોય તો આ ગુણિતો શોધો. | (2) |

# સામાયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-8 | ગણિત | ઓક્ટોબર, 2020

સમય : 1 કલાક | કુલ ગુણ 25

---

**અ.નિ - ચતુષ્કોણના ગુણધર્મોના આધારે તેના પ્રકારો ઓળખે છે**

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. જે ચતુષ્કોણના વિકર્ણ એકબીજાને ન છેદે તે ક્યા પ્રકારનો ચતુષ્કોણ હોય? (1)
2. જે ચતુષ્કોણની ચારેય બાજુનાં માપ સરખાં હોય પરંતુ ચારેય ખૂણાનાં માપ સરખાં ન હોય તો તે ચતુષ્કોણનો પ્રકાર જણાવો. (1)
3. જે ચતુષ્કોણમાં સામસામેની બાજુઓની જોડ પૈકી એક અને માત્ર એક જોડ સમાંતર હોય તે ચતુષ્કોણનો પ્રકાર જણાવો. (1)
4. જે ચતુષ્કોણમાં સમાન લંબાઈવાળી પાસ પાસેની બાજુની બે અલગ અલગ જોડ હોય તો તે ચતુષ્કોણનો પ્રકાર જણાવો. (1)
5. જે ચતુષ્કોણમાં સામસામેની બાજુઓની બંને જોડ સમાંતર હોય તે ચતુષ્કોણનો પ્રકાર જણાવો. (1)

**અ.નિ - ચતુષ્કોણના ખૂણાઓ અને બાજુઓનાં માપના ગુણધર્મોનો ઉપયોગ કરી કોયડા ઉકેલે છે.**

**પ્રશ્ન- 2 માગ્યા મુજબ જવાબ આપો.**

1. એક ચતુષ્કોણના ત્રણ ખૂણાનાં માપ 30°, 70° અને 100° છે તો તે ચતુષ્કોણના ચોથા ખૂણાનું માપ શોધો. (1)
2. એક સમબાજુ ચતુષ્કોણની એક બાજુનું માપ 10 સેમી. હોય તો તે ચતુષ્કોણની પરિમિતિ કેટલી થાય? (1)
3. એક ચોરસની પરિમિતિ 100 સેમી હોય તો તે ચોરસની કોઈ એક બાજુનું માપ કેટલું થશે? (1)
4. નીચે સમાંતરબાજુ ચતુષ્કોણ BEST આપેલ છે જેમાં ખૂણા x અને y નું માપ શોધો. (2)




**અ.નિ - પરિકર અને સીધી પટ્ટીનો ઉપયોગ કરી વિવિધ પ્રકારના ચતુષ્કોણ રચે છે.**

**પ્રશ્ન- 3 નીચેના પ્રશ્નોના યોગ્ય જવાબ આપો.**

1. સમબાજુ ચતુષ્કોણ FINE ની રચના કરો જેમાં NE = 4.5 cm તથા EI = 6 cm હોય (2)
2. એવા લંબચોરસની રચના કરો જેની લંબાઈ 5 સેમી અને પહોળાઈ 4 સેમી હોય. (3)

અ.નિ - આવૃત્તિ વિતરણ કોષ્ટક પરથી માહિતીનું અર્થઘટન કરે છે .

પ્રશ્ન- 4 નીચે વિદ્યાર્થીઓને જે વિષયમાં રસ છે, તે વિદ્યાર્થીઓનું આવૃત્તિ વિતરણ કોષ્ટક આપેલ છે તેના આધારે પ્રશ્નના જવાબ આપો.

| વિષય | આવૃત્તિ ચિહ્ન |
|---|---|
| કલા | 卌 \|\| |
| ગણિતશાસ્ત્ર | 卌 |
| વિજ્ઞાન | 卌 \| |
| અંગ્રેજી | \|\|\|\| |

1. કુલ કેટલા વિદ્યાર્થીઓનું આવૃત્તિ વિતરણ કરેલ છે ? (1)
2. ક્યા વિષયમાં સૌથી વધારે વિદ્યાર્થીઓ રસ ધરાવે છે? કેટલા ? (1)
3. ક્યા વિષયમાં સૌથી ઓછા વિદ્યાર્થીઓ રસ ધરાવે છે? કેટલા ? (1)
4. કલા અને ગણિતશાસ્ત્ર વિષયમાં રસ ધરાવનાર વિદ્યાર્થીઓ કેટલા છે? (1)
5. અંગ્રેજી વિષય કરતાં કેટલા વધારે વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં રસ ધરાવે છે? (1)

અ.નિ - વર્ગ અને વર્ગમૂળ આધારિત વ્યવહારિક કોયડા ઉકેલે છે.

પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ આપો

1. એક દુકાનમાં જેટલાં બિસ્કીટનાં પેકેટ છે એટલાં જ બિસ્કીટ દરેક પેકેટમાં છે . જો દુકાનમાં કુલ 2304 બિસ્કીટ હોય તો દુકાનમાં બિસ્કીટના કેટલા પેકેટ હશે? (3)
2. એક ચોરસ બગીચાનું ક્ષેત્રફળ 2025 ચો.સેમી. છે તો તે ચોરસની લંબાઈ કેટલી થાય? (2)

# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-8 | ગણિત | તા.11/02/2022

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25 ગુણ

**પ્રશ્ન-1 માગ્યા મુજબ ગણો.**

(1) સાદુ રૂપ આપો : $3^{10} \div 3^{12}$ (1)

(2) કિંમત શોધો : $(5^0 + 4^{-2}) \times 2^4$ (2)

(3) $(-5)^{m+3} = (-5)^9$ હોય તો m ની કિંમત શોધો (2)

**પ્રશ્ન- 2 માગ્યા મુજબ ગણો.**

(1) જો 15 કારીગર એક દીવાલ 48 કલાકમાં બનાવી શકે તો આ જ કામને 45 કલાકમાં પૂરું કરવા કેટલા કારીગર જોઈએ? (2)

(2) જો 12 જાડા કાગળનું વજન 40 ગ્રામ હોય તો કેટલા કાગળનું વજન 3 કિલોગ્રામ થાય? (3)

**પ્રશ્ન- 3 માગ્યા મુજબ જવાબ આપો .**

(1) એક સમબાજુ ચતુષ્કોણના વિકર્ણોની લંબાઈ 25 સેમી અને 10 સેમી છે તો તેનું ક્ષેત્રફળ શોધો. (2)

(2) એક સમબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ 240 ચો.સેમી છે તેના એક વિકર્ણની લંબાઈ 20 સેમી છે તો બીજા વિકર્ણની લંબાઈ શોધો. (3)

**પ્રશ્ન- 4 માગ્યા મુજબ જવાબ આપો**

(1) એક એવા ઘનની લંબાઈ શોધો કે જેનું પૃષ્ઠફળ 384 ચો.સેમી હોય. (2)

(2) એક રસ્તાને એક વખત સમતલ કરવા માટે રોલરને 600 વખત પરિભ્રમણ કરવું પડે છે, જો રોલરનો વ્યાસ 84 સેમી અને પહોળાઈ 1 મીટર હોય તો રસ્તાનું ક્ષેત્રફળ શોધો. (3)

**પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ આપો**

(1) એક લંબઘનની લંબાઈ 1.5 મીટર, પહોળાઈ 1 મીટર અને ઊંચાઈ 3 મીટર છે તો તેનું ઘનફળ શોધો. (2)

(2) જેનું ઘનફળ 300 ઘનસેમી હોય અને આધારનું ક્ષેત્રફળ 30 ચો.સેમી હોય તે લંબઘનની ઊંચાઈ કેટલી થાય? (3)

શિક્ષક માટેઃ

| પ્રશ્ન ક્રમાંક | અ.નિ. ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | M805.2 | ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરીને સાદુરૂપ આપે છે / કિંમત શોધે છે. |
| 2 | M810 | સમપ્રમાણ અને વ્યસ્તપ્રમાણને લગતા કોયડા ઉકેલે છે. |
| 3 | M817 | બહુકોણના ક્ષેત્રફળની ગણતરી કરે છે. |
| 4 | M818.3 | નળાકાર વસ્તુઓનું પૃષ્ઠફળ શોધે છે અને વ્યવહારુ કોયડા ઉકેલે છે. |
| 5 | M818.5 | લંબઘન વસ્તુઓનું ઘનફળ શોધે છે અને વ્યવહારૂ કોયડા ઉકેલે છે. |

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-8 ગણિત તા.24/12/2021

સમયઃ 1 કલાક કુલ ગુણઃ 25 ગુણ

---

**પ્રશ્ન-1 માગ્યા મુજબ ગણો.**

(1) $3x - 5y + 6$ માં $8y - 4x + 3$ ઉમેરો. (2)

(2) $3x^2 - 8x + 5xy - 10$ માંથી $8 - 9xy + 3x^2 - 5x$ બાદ કરો. (3)

**પ્રશ્ન- 2 યોગ્ય નિત્યસમનો ઉપયોગ કરી નીચેના ગુણાકાર કરો.**

(1) $(x + 7)(x - 1)$ (2)

(2) $(2x + 1)(3x - 2)$ (3)

**પ્રશ્ન- 3 યોગ્ય નિત્યસમ નો ઉપયોગ કરી ને કિંમત શોધો.**

(1) $99^2$ (2)

(2) $152^2 - 148^2$ (3)

**પ્રશ્ન- 4 નીચેના પ્રશ્નો માટે યોગ્ય જવાબ આપો.**

(1) લંબઘનના શિરોબિંદુ (V) અને ધાર ( E ) ની સંખ્યા જણાવો. (2)

(2) ચોરસ પાયાવાળા પ્રિઝમ માટે ધાર, શિરોબિંદુ અને ફલકની સંખ્યા જણાવો. (3)

**પ્રશ્ન-5 વિભાગ (અ) માં આકાર અને વિભાગ (બ) માં તે ઉપરથી કે આગળથી જોતા કેવી દેખાય તે દર્શાવેલ છે. વિભાગ (અ) સાથે વિભાગ (બ) ના યોગ્ય જોડકાં જોડો** **(5)**

| વિભાગ અ | | વિભાગ બ | |
|---|---|---|---|
| 1 |  ને ઉપરથી જોતા | A |  |
| 2 | ને સામેથી જોતા | B | |
| 3 | ને ઉપરથી જોતા | C | |
| 4 | ને ઉપરથી જોતા | D | |
| 5 |  ને સામેથી જોતા | E | |

શિક્ષક માટેઃ

| પ્રશ્ન નંબર | અ.નિ. ક્રમાંક | વિધાન |
|---|---|---|
| 1 | M807.2 | બૈજિક પદાવલિઓના સરવાળા બાદબાકી કરે છે. |
| 2 | M808.1 | નિત્યસમનો ઉપયોગ કરી પદાવલિઓના ગુણાકાર કરે છે. |
| 3 | M808.2 | નિત્યસમનો ઉપયોગ કરી કિંમત શોધે છે |
| 4 | M814 | વિવધ ઘનાકારો માટે યુલરના સૂત્રની ચકાસણી કરે છે. તેમજ યુલરના સૂત્રની મદદથી ઘનાકારો માટે ધાર ,ફલક, અને શિરોબિંદુની સંખ્યા શોધે છે. |
| 5 | M822 | ત્રિ-પરિમાણીય આકારોને વિવિધ સ્થાનેથી જોતાં કેવો દેખાય છે તે કહે છે. |

# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ -8 | ગણિત | સપ્ટેમ્બર-2021

સમયઃ 1 કલાક | કુલ ગુણ :25

M801 પેટર્ન / ઉદાહરણ દ્વારા સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને ગુણધર્મોનો ઉપયોગ કરી સાદરૂપ આપે છે

**પ્રશ્ન-1 નીચેની ખાલીજગ્યા પૂરો.** (5)

(1) 0.9 x 0 = ___

(2) $\frac{5}{8}$ x _____ = 1

(3) 2 + ( _____ ) = 0

(4) 3 ના વ્યસ્તનો વ્યસ્ત ___ છે.

(5) સંખ્યા અને તેનો વ્યસ્ત સમાન હોય તેવી સંખ્યા ___ છે.

M806.4 સમીકરણનું સરળ સ્વરૂપમાં રૂપાંતરણ કરી ઉકેલ મેળવે છે.

**પ્રશ્ન-2 સમીકરણ ઉકેલો.**

(1) $2x - 3 = 5$ (2)

(2) $\frac{1}{2} - 8x = -\frac{15}{2}$ (3)

M812.2 ચતુષ્કોણના ખૂણાઓ અને બાજુઓના માપના ગુણધર્મોનો ઉપયોગ કરી કોયડા ઉકેલે છે

**પ્રશ્ન-3 માગ્યા મુજબ જવાબ આપો.**

(1) સમાંતરબાજુ ચતુષ્કોણના એક ખૂણાનું માપ 70 અંશ છે તો તેની બાજુના ખૂણાનું માપ કેટલું થાય? (2)

(2) લંબચોરસના દરેક ખૂણાનું માપ કેટલું હોય છે? (1)

(3) એક નિયમિત બહુકોણને કેટલી બાજુઓ હોય તો તેના દરેક બહિષ્કોણનું માપ 20 અંશ થાય? (2)

M806.2 બને બાજુ ચલ હોય તેવા સમીકરણનો ઉકેલ મેળવે છે.

**પ્રશ્ન-4 સમીકરણ ઉકેલો.**

(1) $2x - 5 = 5 - 3x$ (2)

(2) $8x + 4 = 3(2x - 5) + 7$ (3)

M815 પરિકર અને સીધી પટ્ટીનો ઉપયોગ કરી વિવિધ પ્રકારના ચતુષ્કોણ રચે છે.

**પ્રશ્ન-5 માગ્યા મુજબ ચતુષ્કોણની રચના કરો.**

(1) ચતુષ્કોણ PQRS રચો જ્યાં PQ = 4.5 સેમી, QR =5.5 સેમી, RS =4 સેમી, SQ = 6 સેમી, PR = 7 સેમી (2)

(2) ચતુષ્કોણ રચો. KITE KI=6 સેમી, IT=4.5 સેમી, $\angle K = 60$ $\angle I = 105$ $\angle T = 105$ (3)

# સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ -8 | ગણિત | જુલાઈ-2021

સમય : 2 કલાક | કુલ ગુણ :50

અ.નિ. અપૂર્ણાંક અને દશાંશ સંખ્યાના ગુણાકાર/ભાગાકાર માટે વિવિધ રીતનો ઉપયોગ કરે છે.

**પ્રશ્ન-1 ખાલી જગ્યા પૂરો.** (5)

(1) 0.9 x 10 = ___

(2) 0.1 x 12.6 = ____

(3) 3.25 ÷ 10 = ___

(4) 0.9 ÷ 3 = ___

(5) 12.5 ÷ 2.5 = ___

અ.નિ. ઘાતાંકના નિયમોનો ઉપયોગ કરી સાદુરૂપ આપે છે તથા ઘાત સ્વરૂપે લખે છે.

**પ્રશ્ન-2 દાખલા ગણો.**

(1) $\left(\frac{5}{2}\right)^5 \div \left(\frac{2}{5}\right)^3$ નું સાદુરૂપ આપો. (2)

(2) $\frac{a^4 \times b^5 \times c^7}{c^8 \times a^4 \times b^3}$ નું સાદુરૂપ આપો. (3)

અ.નિ. આપેલ સમીકરણનો ઉકેલ શોધે છે.

**પ્રશ્ન-3 સમીકરણ ઉકેલો.**

(1) 2x = 10 (1)

(2) 7m + 5 = 40 (2)

(3) 2( x + 3 ) = 10 (2)

અ.નિ. અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકને ટકામાં તથા ટકાને અપૂર્ણાંક અને દશાંશ અપૂર્ણાંકમાં ફેરવે છે.

**પ્રશ્ન-4 માગ્યા મુજબ જવાબ આપો.** (5)

(1) $\frac{7}{4}$ એટલે કેટલા ટકા?

(2) 0.65 એટલે કેટલા ટકા?

(3) 60 % નું દશાંશ સ્વરૂપ લખો.

(4) 20 % નું અપૂર્ણાંક સ્વરૂપ લખો.

(5) 3.1 એટલે કેટલા ટકા?

અ.નિ. સાદા વ્યાજની ગણતરી કરે છે તેમજ તે આધારિત વ્યવહારુ કોયડા ઉકેલે છે.

**પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ આપો.**

(1) 1000 રૂપિયાનું 3 % લેખે 2 વર્ષનું સાદુંવ્યાજ કેટલું થાય? (2)

(2) રૂપિયા 5000 નું 7 % લેખે 2 વર્ષનું વ્યાજ અને વ્યાજ મુદ્દલ શોધો. (3)

અ.નિ. ચોરસ અને લંબચોરસનું ક્ષેત્રફળ શોધે છે અને તેને આધારિત સમસ્યા ઉકેલે છે.

**પ્રશ્ન-6 દાખલા ગણો.**

(1) એક ચોરસની પરિમિતિ 20 સેમી છે તો તે ચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય? (2)

(2) 3 મીટર x 5 મીટર દીવાલમાં 2 મીટર x 1 મીટરનો દરવાજો છે, જો દીવાલને રંગવાનો ખર્ચ 1 ચોરસમીટરના રૂપિયા 100 હોય તો દીવાલ રંગવાનો ખર્ચ શોધો. (3)

અ.નિ. સંમેય સંખ્યાની પાયાની ચાર ક્રિયાઓની ગણતરી કરે છે.

**પ્રશ્ન-7 દાખલા ગણો**

(1) $\frac{4}{5}+\frac{6}{5}$ (1)

(2) $\frac{4}{5}-\frac{7}{15}$ (2)

(3) $\frac{3}{5}\times\frac{2}{5}$ (1)

(4) $\frac{3}{5}\div\frac{2}{5}$ (1)

અ.નિ. રોજીંદા જીવનની માહિતી પરથી પ્રતિનિધિત્વ ધરાવતી કિંમત શોધે છે.
(મધ્યક,મધ્યસ્થ,બહુલક)

**પ્રશ્ન-8 દાખલા ગણો.**

(1) સચિન તેન્ડુલકરે વનડે સીરીઝ ની 5 મેચમાં અનુક્રમે 58, 72, 89, 105 અને 95 રન કર્યા તો તેના રનની સરેરાશ કેટલી થશે? (2)

(2) મધ્યસ્થ શોધો: 12,42,15,36,50,33,25 (2)

(3) બહુલક શોધો: 14,25,18,14,36,13,14 (1)

અ.નિ. ત્રિકોણના બહિષ્કોણના ગુણધર્મની મદદથી ખૂણાનાં માપ શોધે છે.

**પ્રશ્ન-9 દાખલા ગણો**

(1) નીચેની આકૃતિમાં ખૂણા x ની કિંમત શોધો. (2)




(2) નીચેની આકૃતિમાં ખૂણા x અને ખૂણા y ની કિંમત શોધો. (3)




અ.નિ. બીજગણિતીય પદાવલીને સમજે છે અને તેના સરવાળા બાદબાકી કરે છે.

**પ્રશ્ન-10 દાખલા ગણો.**

(1) $x^3+5x^2+3x$ માં $6x^2-8x^3+8$ ઉમેરો. (2)

(2) $x^3+3x^2y+3xy^2-2$ માંથી $x^3-2xy^2+5x^2y-6$ બાદ કરો. (3)